જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૬/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૧૫૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૬/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૬૪	૩	૧૧૫૬૭	૧૭૬૭૯	૧	૧૭૬૮૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૨૬	૦	૪૭૨૬	૬૨૬૧	૦	૬૨૬૧
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૯૨	૨	૯૪	૩૩૨	૦	૩૩૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૦૦૦૦	૩૦૧	૬૦૩૦૧	૬૦૫૬૬	૨૯૭	૬૦૮૬૩
કુલ		૭૬૩૮૨	૩૦૬	૭૬૬૮૮	૮૪૮૩૮	૨૯૮	૮૫૧૩૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૭૬	૩,૦૪,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧૧૬	૨૧,૧૬,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

મોબાઇલ ચોરીના બે ગુનાનો ભેદ ઉકેલતી શાહપુર પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "સી" ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુનાઓ શોધવા સારૂ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ દિલ્હી ચકલા પોલીસ ચોકીના પો.સ.ઈ જી.બી.ભરવાડ તથા તેમના સ્ટાફના માણસો સાથે શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૧૦૭૨૭/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુના ના કામના આરોપી મોહમદ રફીક ઉર્ફે બટકો સ/ઓફ નિઝામભાઈ ફજલભાઇ શેખ ઉ.વ-૩૬ રહે-જુબેરખાન(જહાગીરખાન)ની ચાલીના કાચા છાપરા, તાડના ઝાડ પાસે, મરધા ફાર્મની પાછળ ખાનવાડી રામોલ અમદાવાદ શહેર નાઓને ડી.સી.બી ક્રાઈમ નાઓએ પકડી અટક કરતા આરોપી જેલમા હોય જે આરોપીને જેલ યાદી આધારે સાબરમતી સેન્ટ્રલ જેલમાથી લાવી ગુન્હાના કામે પકડી અટક કરી આરોપીના રિમાન્ડ મેળવી ગુન્હાની વધુ તપાસ દરમ્યાન આરોપીને યુકિત-પ્રયુકિતથી તેમજ ટેકનીકલ સર્વેલન્સ મદદથી પુછપરછ કરતા આરોપીએ શાહપુર પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૧૦૭૩૫/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુન્હાની કબુલાત કરતા સદર ગુન્હામા ચોરીમા ગયેલ ઓપ્પો કંપની નો મો.ફોન કિ.૫૦૦૦/- નો રીકવર કરવામા આવેલ છે. તેમજ સદર તપાસ દરમ્યાન કારંજ પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૭૨૧૦૭૫૦/૨૦૨૧ ઈ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના કામે ચોરીમા ગયેલ વીવો કંપનીના કિ.૧૫૦૦૦/- ના મો.ફોન ની ચોરી ની કબુલાત કરતા હોય જે બન્ને ગુન્હા શોધી કાઢી અનડીટેકટ ગુન્હાઓનો ભેદ ઉકેલી શાહપુર પોલીસ ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૨૬/૦૬/૨૧

આરોપીએ રિમાન્ડ દરમ્યાન કબુલાત કરેલ ગુનાઓ :-

(૧) શાહપુર પોલીસ સ્ટેશન ખાતે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૩૨૧૦૭૩૫/૨૧ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) કારંજ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૭૨૧૦૭૫૦/૨૦૨૧ ઈ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે.

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :

(૧) શ્રી આર.એચ.વાળા પોલીસ ઈન્સ્પેકટર શાહપુર પો.સ્ટે.નાઓના માર્ગદર્શન અને સુચના મુજબ (૨) પો.સ.ઈ શ્રી જી.બી.ભરવાડ (૩) મ.સ.ઈ. સંતોષભાઈ નાથુભાઈ બ.નં.૧૩૫૨૬ (૪) અ.હે.કો વિશાલસિહ મનુજી બ.નં.૫૮૪૯ (૫) પો.કો. વિજયકુમાર બાબુભાઈ બ.નં.૧૦૩૪૫

આરોપી

મોહંમદ રફીક ઉર્ફે બટકો S/o નિઝામભાઈ ફજલભાઇ શેખ ઉ.વ-૩૬ રહે. જુબેરખાન (જહાગીરખાન) ની ચાલીના કાચા છાપરા, તાડના ઝાડ પાસે, મરધા ફાર્મની પાછળ ખાનવાડી, રામોલ, અમદાવાદ શહેર

આરોપીનો ગુનાહીત ઇતિહાસ :

(૧) માધુપુરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૦૦/૦૮ જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ
(૨) શાહપુર પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૩૦૮૫/૦૮ જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ
(૩) ગાયકવાડ પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૦૫/૦૯જીપી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ
(૪) રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૪૦/૧૭ ધી ઇપીકો કલમ ૩૭૯,૫૧૧ મુજબ
(૫) કાલુપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૨/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ
(૬) ખોખરા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૨ મુજબ
(૭) રામોલ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૫૨/૧૮ ધી ઇપીકો કલમ ૩૯૨,૧૧૪ મુજબ
(૮) દાણીલીંમડા પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૦૮૬૧/૨૧ ધી ઇપીકો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪
(૯) માધવપુરા પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૧૦૨૦૦૫૧૨/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯(એ)(૩)મુજબ
(૧૦) શાહપુર પો.સ્ટે ગુ.ર.નં ૧૧૧૯૧૦૪૩૨૧૦૭૨૭/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૫૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૩૨૬ લીટર દેશી દારૂ, ૮૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ મોટર સાયકલ, ૧ સ્કુટર અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૫ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૧૫૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડી અને વિશ્વાસઘાત :- **સમાચાર યાદી નં.૧૧૫૭/૨૦૨૧**

કાગડાપીઠઃ રાજેશભાઇ મદનલાલ જૈન (ઉ.વ.૫૮) (રહે.વૈદેહી એપાર્ટમેન્ટ, ૧૪-મહારાષ્ટ્ર સોસાયટી, મીઠાખળી) એ તા.૨૬/૦૬/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૧૯ થી તા.૧૨/૦૫/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાંકરીયા આર્યસમાજ મંદીર સામે, ગોલ્ડન પ્લાઝા દુકાન નંબર ૨૩૮,૨૩૯,૨૪૦ ખાતે આરોપી (૧) પંકજભાઇ સરદારમલ લાલવાણી (રહે. વિજય ટાવર, કાંકરીયા) અને (૨) રૂચીકાબેન સંપતમલ નાહટા (રહે. ગોલ્ડન પ્લાઝા, આર્ય સમાજ મંદીર સામે, કાંકરીયા) એ ભેગા મળી રાજેશભાઇની “ધી સોર્સ ઇન્ડસ્ટ્રીઝ” નામની કંપનીનો માલ જેમાં એલ્યુમીનીયન ફોઇલ કિંમત રૂપિયા ૬,૭૬,૧૦૯/- અને સ્ટોક સમરી કિંમત રૂપિયા ૨,૦૦,૭૧૯/- તથા એસેસ્ટ કિંમત રૂપિયા ૩,૦૦,૩૦૩/- મળી કુલ રૂપિયા ૧૧,૭૭,૧૩૧/- મતાનો માલ રાજેશભાઇના ધ્યાન બહાર અન્ય જગ્યાએ વેચી દઇ અથવા સગેવગે કરી રાજેશભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એલ.વાઘેલા ચલાવે છે.

સાયબર ક્રાઇમ : નિખીલભાઇ જગદીશભાઇ શાહ (ઉ.વ.૫૮)(રહે. ગ્રીનપાર્ક, ગોકુલધામ, શાંતીપુરા સર્કલ પાસે, સનાથલ) એ તા.૨૬/૦૬/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૭/૨૦૧૯ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ધ્રુવીલ મહેતા (રહે,આર્શીવાદ એપાર્ટમેન્ટ, ભીમજીપુરા) એ નિખીલભાઇને ફોન કરી “વોડાફોન કંપનીમાંથી ધ્રુવીલ મહેતા બોલતા હોવાનું કહી નિખીલભાઇનો વિશ્વાસ કેળવી “વી.આઇ.પી પ્રીમિયમ મોબાઇલ નંબર આપવાની હકીકત જણાવી, આ નંબરો બાબતે લોભામણી લાલચ આપી, નંબરો મેળવવા માટે જુદી-જુદી પ્રોસેસના બહાને જુદી-જુદી તારીખે ટુકડે-ટુકડે કુલ ત્રણ બેંક એકાઉન્ટમા આજદિન સુધીમાં કુલ રૂપિયા ૧,૫૪,૨૧,૩૪૭/- ભરાવડાવી, “એરટેલ ક્રીશા કોમ્યુનીકેશન” સુરત લખેલ સીમકાર્ડ ઇસ્યુ કર્યા બાબતેનુ ખોટુ ઇનવોઇસ બીલ મોકલી આપી. નિખીલભાઇ એ ભરેલ રૂપિયા પૈકી ફક્ત રૂપિયા ૧૧,૭૧,૬૦૦/- પરત આપી બાકીના રૂપિયા પરત નહી આપી, નિખીલભાઇ સાથે વિશ્વાધાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૧૧૫૮/૨૦૨૧**

અમરાઇવાડી : સંકેતભાઇ દશરથભાઇ પટેલ (ઉ.વ.૨૮) (રહે,રણછોડજીનો વાસ, અમરાઇવાડી ગામ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રઘુવીરસિંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી